# સુરેન્દ્રનગર દુધરેજ નગરપાલિકા - સુરેન્દ્રનગર.

પંડિત દીનદયાળ ટાઉનહોલ ભાડે મેળવવા માટેનું અરજી ફોર્મ.

ભાડે રાખનારનું નામ ઃ - ..........................................................

ભાડે રાખનારનું સરનામું ઃ -.......................................................

.......................................................

સંસ્થાનો રજીસ્ટ્રેશન નંબર ઃ - ....................................................

મોબાઇલ નંબર ઃ - ...................................................................

તારીખ ઃ - ...............................................................................

પ્રતિ,
ચીફ ઓફીસર સાહેબશ્રી,
સુરેન્દ્રનગર દુધરેજ નગરપાલિકા,
સુરેન્દ્રનગર.

વિષય ઃ - પંડિત દીનદયાળ ટાઉનહોલ ભાડે મેળવવા અંગે.

મે. સાહેબશ્રી,

સવિનય સાથ જણાવવાનું કે, અમારે શ્રી પંડિત દીનદયાળ ટાઉનહોલમાં ............. ................. ....... ...................નો કાર્યક્રમ/પ્રસંગ હોઇ તારીખ .........................થી તારીખ ..................... સુધી સમય ......... ...... ....... ............. થી ........................................... સુધી સમગ્ર ટાઉનહોલ / ફકત ગ્રાઉન્ડ (બહારનો ભાગ) ભાડે રાખવા માંગીએ છીએ. જે અનુસંધાને સુરેન્દ્રનગર દુધરેજ નગરપાલિકાએ નિયત કરેલ ભાડુ/ડીપોઝીટ/સફાઇચાર્જ/ સાઉન્ડ સીસ્ટમના ચાર્જ વસુલ લઇ પંડિત દીનદયાળ ટાઉનહોલ ઉપર જણાવેલ તારીખ તથા સમય માટે ઉપયોગ કરવા માટે મંજુરી આપવા યોગ્ય થવા વિનંતી. ટાઉનહોલના ઉપયોગ કરવા માટે નગરપાલિકાએ નિયત કરેલ તમામ શરતો/નિયમો/ તથા ભાડા અમોને સંપૂર્ણ બંધનકર્તા રહેશે. જે અંગેની સંમતિ બદલ અમોએ નીચે સહી કરી આપેલ છે.

નોંધ ઃ - (૧) રાષ્ટ્રીય કાર્યક્રમ, રાજય સરકારશ્રીના કાર્યક્રમ અથવા નગરપાલિકાના કોઇપણ આકસ્મિક કાર્યક્રમ સમયે અમોએ ભાડે રાખેલ ટાઉનહોલનો સંપૂર્ણ અથવા આંશિક ભાડાની મંજુરી નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રી રદ કરી શકશે. જેની સામે અમારે કોઇ જ વાદવિવાદ કે પત્ર વ્યવહાર કરવાનો રહેશે. નહિ.

(૨) ડીપોઝીટની રકમ કોઇપણ સંજોગોમાં રોકડમાં પરત આપવામાં આવશે નહિ "એકાઉન્ટ પે" ચેકથી જ પરત આપવામાં આવશે.

............................................................

ભાડે રાખનારની સહી.

## - :: ઓફીસ ઉપયોગ માટે :: -

સાહેબશ્રી,

શ્રી ................................................................ ને તારીખ ......................... થી તારીખ ................................... સમય ................................ થી ........................... સુધી ભાડે આપવાની અરજી અનુસંધાને નીચે મુજબ ચાર્જ વસુલ કરેલ છે. જે અનુસંધાને ટાઉનહોલ ભાડે આપવા મંજુરી આપવામાં આવે છે.

ટાઉનહોલનું ભાડુ રૂા. ...................................... પહોંચ નંબર .......................... તારીખ .........................................

ટાઉનહોલ  સફાઇ ચાર્જ  રૂા. ............................ પહોંચ નંબર .......................... તારીખ .........................................

સાઉન્ડ સીસ્ટમ ભાડુ રૂા. ................................... પહોંચ નંબર .......................... તારીખ .........................................

ડીપોઝીટ            રૂા. ...................................... પહોંચ નંબર .......................... તારીખ .........................................

SGST ની રકમ રૂા. ............................................પહોંચ નંબર .......................... તારીખ .........................................

CGST ની રકમ રૂા. ...........................................પહોંચ નંબર .......................... તારીખ .........................................

કુલ વસુલ કરવાની થતી રકમ રૂા. .......................................................

સ્થળ ઃ -

તારીખ ઃ -

ટાઉનહોલ ઇન્ચાર્જ

સુરેન્દ્રનગર દુધરેજ નગરપાલિકા

# પંડિત દીનદયાળ ઉપધ્યાય ટાઉનહોલનો વપરાશ કરવા અંગેની શરતો તથા નિયમો

(૧) ટાઉનહોલનો ઉપયોગ કરવા ઇચ્છતા સખ્શોએ નગરપલિકાએ નિયત કરેલ ફોર્મમાં ચીફ ઓફીસરશ્રીને અરજી કરવાની રહેશે. જે વ્યકિત કે સંસ્થા દ્વારા કાર્યક્રમ રાખવાનો હોય તેઓએ કાર્યક્રમની સંપૂર્ણ વિગતો તથા જણાવેલ નિયમોનું સંપૂર્ણ પાલન કરવાની તમામ પ્રકારની જવાબદાર અંગેની સંમતી સાથે સહી, સરનામા, મોબાઇલ નંબર/ફોન નંબર તેમજ ફોર્મમાં જણાવેલ તમામ વિગતો આપવાની રહેશે. ટાઉનહોલ વપરાશ કરવા માટેનું અરજી ફોર્મ નગરપાલિકા કચેરીએથી પરથી રજાના દિવસો સિવાય વિના મૂલ્યે મળી શકશે. તથા નગરપાલિકાની વેબસાઇટ www.surendranagarnagarpalika.org પરથી મળશે. આ ટાઉનહોલનું બુકીંગ ૯૦ દિવસ અગાઉ કરવામાં આવશે. તથા વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે.

(૨) ટાઉનહોલ ભાડે રાખનાર શખ્શ/સંસ્થાએ ટાઉનહોલનું ફોર્મ સંપૂર્ણ પણે ભરી તેની સાથે જ નિયત કરેલ ભાડાની રકમ તથા ડીપોઝીટની રકમ તથા જો સાઉન્ડ સીસ્ટમનો ઉપયોગ કરવાનો હોય તો તેની નિયત રકમ તથા સરકારશ્રીના નિયત કરવેરા તથા CGST/SGST ની રકમ અરજીફોર્મની સાથે જ ભરપાઇ કરવાની રહેશે ત્યાર બાદ જ ટાઉનહોલનું બુકીંગ કરવામાં આવશે. જેની પહોંચ રજુ કર્યેથી જ ટાઉનહોલનો કબજો જે તે ઇસમ કે સંસ્થાને સોંપવામાં આવશે.આ ટાઉનહોલમાં બહારનું સાઉન્ડ સીસ્ટમ લાવી ઉપયોગ કરી શકાશે નહિ.

(૩) ટાઉનહોલ વપરાશ કરનારે કાર્યક્રમ માટે જરૂરી હોય તેવી લાગતી વળગતી સરકારી સત્તાની પરવાનગીઓ મેળવવી પડશે. તથા તે અંગેની તમામ પ્રકારની જવાબદારી વપરાશ કરનાર વ્યકિત/સંસ્થાની રહેશે.

(૪) આ ટાઉનહોલનો વિજળી વપરાશનો ચાર્જ યુનીટે ૧૦/- રૂા. મુજબ થતી રકમ ભરેલ ડીપોઝીટમાંથી કપાત કરવામાં આવશે તેમજ આ ટાઉનહોલમાં સાઉન્ડ સીસ્ટમનો વપરાશ કરવા માંગતા ઇસમ/વ્યકિત કે સંસ્થાએ નિયત કરેલ સાઉન્ડ સીસ્ટમનો ચાર્જ અલગથી ભરપાઇ કરવાનો રહેશે.

(૫) આ ટાઉનહોલનો દિવસની ગણતરી સાંજના 6:00 કલાકથી બીજા દિવસના સાંજના 6:00 કલાક સુધીનો એક દિવસ ગણવામાં આવશે.

(૬) આ ટાઉનહોલ વપરાશ કરનાર વ્યકિત કે સંસ્થાઓના કોઇ વધારાનું જડીત કામ કે કામચલાઉ બાંધકામ કરી શકશે નહિ. મિલ્કતને નુકશાન ન થાય તે રીતે ઉપયોગ કરી શકશે. તથા જે સ્થિતિમાં કબજો મેળવેલ હોય તે જ સ્થિતિમાં કબજો પરત કરવાનો રહેશે.

(૭) ટાઉનહોલના મુખ્ય પડદા ઉપર કોઇપણ પ્રકારનું સુશોભન કે પ્રદર્શન પડદા સાથે જોડી શકાશે નહિ. તથા સુશોભન કે અન્ય કારણોસર ઉભી દિવાલોમાં ખીલી કે હુક વિગેરે મારી શકાશે નહીં.તથા સ્ટેજ ઉપરના મુખ્ય પડદા કે વીંગ્સ કે દિવાલ ઉપર ફુલહાર, બેનર સેલોટેપ, પીન, પડદા ઉપર ટાંકણી, સ્ટેપલરપીન કે ખીલી મારી શકાશે નહીં.

(૮) ટાઉનહોલમાં દિવા કે જયોત જેવા કાર્યક્રમો રાખી શકાશે નહિ તેમજ ટાઉનહોલમાં જવનશીલ પદાર્થ લાવી શકાશે નહિં.

(૯) કાર્યક્રમ દરમ્યાન કોઇપણ પ્રકારનો અકસ્માત થશે અગર જાનહાની થશે તો તે માટે કોઇપણ સંજોગોમાં નગરપાલિકાની જવાબદારી રહેશે નહીં.

(૧૦) ટાઉનહોલમાં કોઇપણ પ્રકારના ખાણી/પીણી/પાનમાવા/ગુટખા/ધુમ્રપાન તથા નશીલા પદાર્થોના સેવન તથા પ્રતિબંધિત પલાસ્ટીકના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ઉપરાંત ટાઉનહોલમાં કોઇપણ જાતની ગંદકી કરવી નહિ. આ અંગેની તકેદારી રાખવાની સંપૂર્ણ જવાબદારી વપરાશકર્તા સંસ્થા/વ્યકિતની રહેશે. જો કોઇ વ્યકિત તેમ કરતાં માલુમ પડશે તો જે તે સંસ્થા/વ્યકિત ઉપર કાયદેસર દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

(૧૧) ટાઉનહોલની પરવાનગી આપ્યા બાદ વપરાશ કરનાર/વ્યકિત કે સંસ્થાએ ઠરાવેલી તારીખે ઉપયોગ ન કરે તેવા સંજોગોમાં ભરેલ ફી પરત કરવામાં આવશે નહીં. આમ છતાં જો વપરાશ કરનાર વ્યકિત/સંસ્થા કાર્યક્રમની તારીખમાં ફેરફાર કરવા માંગતા હોઇ અને ટાઉનહોલ ખાલી હોય તો મુખ્ય અધિકારીશ્રીને વ્યાજબી કારણ જણાય તો તારીખમાં ફેરફાર કરી આપવામાં આવશે. પરંતુ જયારે કોઇપણ વ્યકિત કે સંસ્થા ટાઉનહોલ ભાડે રાખ્યા બાદ કેન્સલ કરાવે તો આવા સંજોગોમાં જમા કરાવેલ રકમ નીચે મુજબ પરત મેળવવા પાત્ર રહેશે.

(અ) કાર્યક્રમના ૩૦(ત્રીસ) દિવસ અગાઉ જમા કરાવેલ ભાડાની રકમના ૭૫% રકમ.

(બ) ૧૫ (પંદર) થી ૩૦ (ત્રીસ) દિવસ અગાઉ જમા કરાવેલ ભાડાની રકમના ૫૦% રકમ.

(ક) ૭ (સાત) થી ૧૫ (પંદર) દિવસ અગાઉ જમા કરાવેલ ભાડાની રકમના ૨૫% રકમ.

(ડ) ત્યાર બાદ આવી રદની અરજી કરવાથી ભાડાની જમા કરાવેલ રકમ પરત મળવાપાત્ર રહેશે નહીં.

(ઇ) ડીપોઝીટની રકમ નિયત શરતોને આધીન પરત મળવાપાત્ર રહેશે.

(એફ) બુક કરાવનારના કોઇ અંગત વ્યકિતના મરણ જેવી પરિસ્થિતિમાં ભાડાની રકમ પરત આપવા અંગે કારોબારી સમિતિ જે નિર્ણય કરશે તે માન્ય રહેશે.

(૧૨) ટાઉનહોલના બેદરકારી પૂર્વકના વપરાશ/આગ/હુલ્લડ અથવા બીજા કોઇપણ ધાંધલ/ધમાલને કારણે ટાઉનહોલ કે તેના સાધનોના વિજળી જોડાણ કે નગરપાલિકાની બીજી કોઇપણ મિલ્કતને નુકશાન થશે તો તે માટે વપરાશ કરનાર વ્યકિત/સંસ્થા જવાબદાર રહેશે. અને મુખ્ય અધિકારી નકકી કરે તેટલી રકમની નુકશાની વપરાશ કરનાર વ્યકિત/ સંસ્થા પાસેથી વસુલ કરવાનો મુખ્ય અધિકારીશ્રીનો નિર્ણય આખરી ગણાશે તેની સામે કોઇ અપીલ કે પત્રવ્યવહાર માન્ય રહેશે નહિ

(૧૩) ટાઉનહોલના ઉપયોગ સમય દરમ્યાન મુખ્ય અધિકારીશ્રીને જો એમ લાગે કે સદરહુ સ્થળનો ઉપયોગ જાહેર હિતને નુકશાનકર્તા છે તો વપરાશ કરનાર વ્યકિત/સંસ્થા પાસેથી ટાઉનહોલનો કબ્જો પરત લેવાનો હકક ચીફ ઓફીસરશ્રી પાસે અનામત રહેશે. તથા આવા પ્રસંગે વ્યકિત/ સંસ્થાએ ભરેલ તમામ રકમનું રીફંડ મળવાપાત્ર રહેશે નહીં. સદરહુ કિસ્સો નગરપાલિકાની બનાવ પછીની કારોબારી સમિતિની સભામાં ધ્યાનપર લાવવામાં આવશે.

(૧૪) ટાઉનહોલ જે હેતુ માટે ભાડે લીધેલ હોય તે હેતુ સિવાયના હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ જો તે સિવાયના હેતુ માટે ઉપયોગ કરવો હોય તો મુખ્ય અધિકારીશ્રીની પૂર્વ મંજુરી લેવાની રહેશે. જો મુખ્ય અધિકારીશ્રીની પૂર્વ મંજુરી વગર આ શરતનો ભંગ કરવામાં આવશે તો ઉપયોગ કર્તા વ્યકિત/સંસ્થાની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અથવા મુખ્ય અધિકારી નકકી કરે તેટલી વધારાની રકમ ડીપોઝીટમાંથી કાપી લેવામાં આવશે.

(૧૫) ટાઉનહોલમાં કોઇપણ કાર્યક્રમના કારણે કોઇ નિયમો કે કાયદાકીય જોગવાઇનો ભંગ થતો હોય તો યોગ્ય ઓથોરીટીની પરવાનગી મેળવ્ય સિવાય કાર્યક્રમ કરી શકાશે નહિ. જો આવો કોઇ કાર્યક્રમ કરવામાં આવશે તો તે બાબતે નગરપાલિકા કોઇપણ પ્રકારે જવાબદાર ગણાશે નહિ.

(૧૬) ટાઉનહોલના સંપૂર્ણ બાંધકામમાં કે ફર્નીચરને નુકશાન થશે તો માટે નગરપાલિકા નકકી કરે તે રકમ તાત્કાલીક ભરપાઇ કરવાની રહેશે. અથવા જો ડીપોઝીટથી ઓછી રકમ હશે તો ડીપોઝીટમાંથી કાપી લેવામાં આવશે અન્યથા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૭) ટાઉનહોલમાં ચાલુ કાર્યક્રમે અથવા કોઇપણ સમયે મુખ્ય અધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીશ્રી/કર્મચારીશ્રીને પ્રવેશવાનો તથા નિરિક્ષણ કરવાનો અધિકાર રહેશે.

(૧૮) ટાઉનહોલમાં કોઇપણ પ્રસંગ/કાર્યક્રમમાં નગરપાલિકાના પદાધિકારીશ્રી તથા અધિકારીશ્રી માટે A તથા B બન્ને હરોળમાં કુલ ૧૦ સીટ અનામત (ખાલી) રાખવાની રહેશે.

(૧૯) રાજયસરકાર/કેન્દ્રસરકાર કે અન્ય કરવેરા વપરાશ કરનારે અલગથી ભરપાઇ કરવાના રહેશે. જે દરો રાજય સરકારે કે કેન્દ્રસરકારના દરે ભરપાઇ કરવાના રહેશે.

(૨૦) રાજયસરકાર/કેન્દ્ર સરકારના કાર્યક્રમો આવે ત્યારે વપરાશ કરનારે ટાઉનહોલ નગરપાલિકાને સુપ્રત કરવાનો રહેશે. અથવા આવા સંજોગોમાં મુખ્ય અધિકારીશ્રી ટાઉનહોલનો કબ્જો તાત્કાલીક અસરથી લઇ શકશે કે ટાઉનહોલ નોંધાવેલ હોય તે રદ કરી શકશે. ઉપરાંત કોઇપણ કુદરતી આફતો જેવી કે જળ સંકટ/હુલ્લડો/વાવાઝોડા જેવી આફતો સમયે પણ ટાઉનહોઇ રદ કરવાનો અબાધિત હકક ચીફ ઓફીસરશ્રી પાસે રહેશે.

(૨૧) કોઇ ખાસ કિસ્સામાં કારોબારી સમિતિને યોગ્ય જણાય તો ઠરાવેલ ભાડાના દરમાં ૫૦% સુધી છુટ આપવાનો હકક રહેશે. પરંતુ અન્ય નિયત ચાર્જીસ સંપૂર્ણ ભરવાના રહેશે.

(એ) રાષ્ટ્રીય લેવલના રાજકીય પક્ષોને હોલ તથા ગ્રાઉન્ડના ભાડામાં ૫૦% જ છુટ આપવામાં આવશે. બાકીના તમામ ચાર્જીસ સફાઇ, લાઇટબીલ,સાઉન્ડ સીસ્ટમ ચાર્જીસ તથા તમામ સરકારી ટેક્ષ યથાવત રહેશે.

(બી) સરકારમાન્ય રજીસ્ટર્ડ સંસ્થાઓને હોલ તથા ગ્રાઉન્ડ ભાડામાં ૨૫% જ છુટ મળશે. બાકીના તમામ ચાર્જીસ સફાઇ, લાઇટબીલ,સાઉન્ડ સીસ્ટમ ચાર્જીસ તથા તમામ સરકારી ટેક્ષ યથાવત રહેશે.

(સી) નગરપાલિકાને પોતાની ઉજવણી માટે પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી અથવા કારોબારી ચેરમેનશ્રી કોઇપણ એકના હુકમથી તમામ ચાર્જીસ સહીત નિઃશુલ્ક ઉપયોગ કરી શકશે.

(૨૨) સરકારી મીટીંગો, ચુંટણી લક્ષી કામગીરી માટે મુખ્યઅધિકારીશ્રીને યોગ્ય જણાયે વિનામૂલ્યે ટાઉનહોલ આપી શકશે.

(એ) ટાઉનહોલમાં કાર્યક્રમ પત્યા પછી ટાઉનહોલની સંપૂર્ણ સફાઇ કરીને જ પરત સોંપવાનો રહેશે. વિકલ્પે સફાઇ કરાવવાનો તથા લાઇટ બીલનો જે ચાર્જ થશે તે જે તે વ્યકિત/સંસ્થાની ડીપોઝીટમાંથી કપાત કરવામાં આવશે.

(૨૩) આ ટાઉનહોલમાં કોઇપણ વ્યકિત/ સંસ્થા દ્વારા લગ્ન પ્રસંગ કે અન્ય કાર્યક્રમો અન્વયે સાઉન્ડ સીસ્ટમનો બહારના ગ્રાઉન્ડમાં ઉપયોગ કરે તો તે અંગેની સમયમર્યાદા સરકારશ્રીએ નિયત કરેલ સમયમર્યાદા અનુસાર રહેશે. તથા આ અંગેની જરૂરી મંજુરી જેતે વ્યકિત/સંસ્થા એ મેળવવાની રહેશે. તથા તે અંગેની સંપૂર્ણ જવાબદારી જેતે વ્યકિત/ સંસ્થાની રહેશે.

(૨૪) આ ટાઉનહોલ ભાડે રાખનાર વ્યકિત/સંસ્થાએ કાર્યક્રમમાં ઉપસ્થિત વ્યકિતઓના વાહનોનું પાર્કીંગ નિયત જગ્યાએ જ કરવાનું રહેશે. તથા તે અંગેની તમામ જવાબદારી ભાડે રાખનાર વ્યકિત/સંસ્થાની રહેશે.

(૨૫) પંડિત દીનદયાળ હોલમાં લગ્ન અને જમણવાર રાખી શકાશે નહીં. રીસેપ્શન રાખી શકાશે, અન્ય કાર્યક્રમો કરી શકાશે.

(૨૬) ઉપરોકત મંજુર કરવામાં આવેલ નિયમો તથા ભાડાના દરોમાં નગરપાલિકામાં જયારે જરૂર જણાય ત્યારે સુધારા કરવાનો અબાધિત અધિકાર નગરપાલિકા કારોબારી સમિતિને રહેશે.

(૨૭) ટાઉનહોલ બાબતે કોઇપણ પ્રશ્ન કે વાદવિવાદનો અંતિમ નિર્ણય નગરપાલિકાના મુખ્ય અધિકારીશ્રીને રહેશે.

(૨૮) આ ટાઉનહોલનું ન્યાયક્ષેત્ર સુરેન્દ્રનગર રહેશે.

સ્થળ ઃ -

તારીખ ઃ -

( ભાડે રાખનારની સહી.)

# સુરેન્દ્રનગર દુધરેજ નગરપાલિકા- સુરેન્દ્રનગર.

સુરેન્દ્રનગર દુધરેજ નગરપાલિકાના શ્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉનહોલના

સુચિત ભાડા/શરતો/નિયમો નીચે મુજબ છે.

| ક્રમ | પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉન હોલ ભાડે આપવા માટે ની વિગત | સમયગાળો | ભાડાની રકમ રૂા. | વિજળી વપરાશ યુનિટ દીઠ ચાર્જ રૂા. | સાઉન્ડ સીસ્ટમ વપરાશ ચાર્જ રૂા. | સફાઇ ચાર્જ રૂા. | ડીપોઝીટની રકમ રૂા. | GST/sGST તથા અન્ય કરવેરા ની રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દિવસ - ૧ માટે (૨૪ કલાક માટે) સમગ્ર ટાઉનહોલ | સાંજે 6:00 થી બીજા દિવસે સાંજે 6:00 વાગ્યા સુધી | ૩૦૦૦૦/- | ૧૦/- | ૧૦૦૦૦/- | ૨૫૦૦/- | ૫૦૦૦૦/- | સરકારશ્રી ના નિયમ અનુસાર |
| ૨ | ૧૨ કલાક માટે સમગ્ર ટાઉનહોલ | સાંજના 6:00 થી સવારના 6:00 વાગ્યા સુધી | ૨૦૦૦૦/- | ૧૦/- | ૧૦૦૦૦/- | ૧૫૦૦/- | ૩૫૦૦૦/- | સરકારશ્રી ના નિયમ અનુસાર |
| ૩ | ૧૨ કલાક માટે સમગ્ર ટાઉનહોલ | સવારના 6:00 થી સાંજના 6:00 વાગ્યા સુધી | ૧૭૦૦૦/- | ૧૦/- | ૧૦૦૦૦/- | ૧૫૦૦/- | ૩૫૦૦૦/- | સરકારશ્રી ના નિયમ અનુસાર |
| ૪ | ૬ કલાક માટે સમગ્ર ટાઉનહોલ | સવારના 6:00 થી બપોરના 12:00 વાગ્યા સુધી | ૧૦૦૦૦/- | ૧૦/- | ૧૦૦૦૦/- | ૧૫૦૦/- | ૨૫૦૦૦/- | સરકારશ્રી ના નિયમ અનુસાર |
| ૫ | ૬ કલાક માટે સમગ્ર ટાઉનહોલ | બપોરના 12:00 થી સાંજના 6:00 વાગ્યા સુધી | ૧૨૫૦૦/- | ૧૦/- | ૧૦૦૦૦/- | ૧૫૦૦/- | ૨૫૦૦૦/- | સરકારશ્રી ના નિયમ અનુસાર |
| ૬ | ૬ કલાક માટે સમગ્ર ટાઉનહોલ | સાંજના 6:00 થી રાત્રી ના 12:00 વાગ્યા સુધી | ૧૫૦૦૦/- | ૧૦/- | ૧૦૦૦૦/- | ૧૫૦૦/- | ૨૫૦૦૦/- | સરકારશ્રી ના નિયમ અનુસાર |
| ૭ | ફકત ગ્રાઉન્ડનો ભાગ ૨૪ કલાક માટે | સાંજે 6:00 થી બીજા દિવસે સાંજે 6:00 વાગ્યા સુધી | ૨૦૦૦૦/- | ૧૦/- | -- | ૧૫૦૦/- | ૩૦૦૦૦/- | સરકારશ્રી ના નિયમ અનુસાર |
| ૮ | ફકત ગ્રાઉન્ડનો ભાગ ૧૨ કલાક માટે | સાંજના 6:00 થી સવારના 6:00 વાગ્યા સુધી | ૧૫૦૦૦/- | ૧૦/- | -- | ૧૫૦૦/- | ૨૫૦૦૦/- | સરકારશ્રી ના નિયમ અનુસાર |
| ૯ | ફકત ગ્રાઉન્ડનો ભાગ ૧૨ કલાક માટે | સવારના 6:00 થી સાંજના 6:00 વાગ્યા સુધી | ૧૨૫૦૦/- | ૧૦/- | -- | ૧૫૦૦/- | ૨૦૦૦૦/- | સરકારશ્રી ના નિયમ અનુસાર |